
ઉપદેશમાળા ભાગ ૨ જો.

રાણા રાજસિંહની વારતા.

ઉર્ફે અહાર તેવો ઓડકાર.

પ્રસિદ્ધ કર્ત્તા

શાહ. લલ્લુ વલ્લભ ધોલેરાવાળા.



અમદાવાદ

"યુનિયન" મુદ્રાલયમાં મુદ્રિત કરાવી.

સંવત ૧૯૫૦. સને ૧૮૯૪.

કિમ્મત બે આના.

રાણા રાજસિંહની વારતા.

॥ અહાર તેવો ઓડકાર ॥

॥ દોહરા ॥

સારૂં કે નરસું થવા, બીજાનું ચિત ચા'ય;
તે આપણું તેવું થવા, ઉર ધરશે ઇચ્છાય. ૧
જો સુભ થાવા કોઇનું, ઉરમાં કરિયે યાદ;
તે પણ શુભ આપણું થવા, સદા કરે છે સાદ. ૨
ખાલિ જમિનમાં કોઇ જન, પાડે જઇ પડકાર;
પડછંદો તેવો તુરત, પછી કરે પોકાર. ૩
કરિયે ગુણ જો કોઇને, તે ન કરે અવગુણ;
અવગુણ પછી અવગુણ બને, ગુણ પછવાડે ગુણ. ૪
સુવાસ છાંટી હોય તો, સારી મળે સુવાસ;
કુવાસથી સૂવાસની, ઉર નવ ધરવી આશ. ૫
લસણ ખાઈને કોઈ જન, બેસે સજ્જન પાસ;
પ્રસરે ગંધ લસણ તણી, એલચિની નવ આશ. ૬
મૃદુ વાણી મુખથી વદી, સામાને સંતોષ;
કરિયે તો તે નવ કરે, કઠણ વાણિ વદિ દોષ. ૭
ગમાર બનિને ગાળ દઈ, વદિયે વાંકાં વેણ;
તો તે આપણને સદા, વદે વેણ દુઃખ દેણ. ૮
એરંડો વાવી ધરે, ઉર સૂરતરૂની આશ;
મોટો થાતાં આશ તજિ, તે નર થાય નિરાશ. ૯
જે બી વાવ્યું જગતમાં, એવું ઉગે ઝાડ;

સૂરતરૂ વાવે સૂરતરૂ, એમાં શો છે પાડ. ૧૦
જેવું કરિયે જગતમાં, એ આપણને થાય;
સુખથી સુખ, દુખ દુખ થકી, એ ઈશ્વર કૃત ન્યાય. ૧૧
એ ઉપર દ્રષ્ટાંત દર્ઊં, તે જન ધરજ્યો ધ્યાન;
તોલ કરી તેનો તુરત, કરો અળગું અજ્ઞાન. ૧૨
નગર એક રળિયામણું, રાજનગર છે નામ;
રાજસિંહ રાજા રૂડો, છે સદ્દ્ગુણનું ધામ. ૧૩
નવતેરી નગરી દિસે, શોભાનો નવ પાર;
રૈયત રાજી રે' સદા, વશિને વરણ અઢાર. ૧૪
નહિં જનપર કો દિન જુલમ, રાજી રાખે રોજ;
દુખિયું કો દેખાય નહિ, મન માની લે મોજ. ૧૫
ઈશ્વર ઈચ્છાથી સદા, ઉત્તમ ઉપજે પાક;
વસ્તીથી ભરપુર નગર, નગર બધાનું નાક. ૧૬
જ્યાં છે રૂડો રાજિયો, જ્યાં નગરીમાં ન્યાય;
ત્યાં જન કો દિન કોઇની, પીડાથી ન પિડાય. ૧૭
જુલમ કરે નહિં જ્યાં જરા, કારભારિ કરિ કૂડ;
રાજા જ્યાં રવિના સમો, ધૂળ ધારણા ધૂડ. ૧૮
હાજર થઈ હરનીશ જ્યાં, રોજ તપાસે કામ;
રૈયત ને ત્યાં નવ રહે, જરી જુલમનું નામ. ૧૯
જ્યાંનો રાજા આળસૂ, કારભારિ વશ હોય;
ત્યાં જોરાવરનો જુલમ, રૈયત માથે હોય. ૨૦
નોકર નરપતિ સમ રહે, પિડે પ્રજા દિન રાત;
કારભારિના કોપની, ત્યાં નવ કરવી વાત. ૨૧
લુચ્ચા લાંચ લીધા કરે, કારભારિ કરિ કૂડ;
બરાઇ રે' ભુપતિ સદા, ઘરમાં જાણે ધૂડ. ૨૨

ત્યાં સુખિ હોય ન જન કદી, દુખિયાં સહુ દેખાય;
રાંડીરાંડ સમ રાજિયો, કયાં જઈ રાવ રડાય. ૨૩
રાખે પૂરી રાયને, એક અવાસે કેદ;
કોણ કહે રૈયત તણો, ભૂપ કને જઈ ભેદ. ૨૪
એવું બહુ સ્થળમાં બને, અચરજ નહીં એ આજ;
સુધરેલા પણ શ્વાન સમ, બને કેદિ મા'રાજ. ૨૫
રવિ સમ રાજા રાજસિંહ, એવો નો'તો આજ;
સુધરેલો સહુથી સરસ, સકળ રાજ શિરતાજ. ૨૬
પ્રજા તણી પીડા હરી, આપે અતિશય સૂખ;
શાંતી આપે સકળને, દેખે નહિં કો દુઃખ. ૨૭
પુરપતિને પરધાન શુભ, પ્રેમચંદ છે નામ;
લાયક લક્ષણવંત તે, છે સદગુણનું ધામ. ૨૮
એક દિવસ બેઠા હતા, રાય અને પરધાન;
આહીર ઓરત એક ત્યાં, નિકળી ચતુર સુજાણ. ૨૯
પ્રભાતમાં પદ્મણિ સમી, માથે મહિનું માટ;
ચાલી ચતુરા ચોંપથી, પડી પોળની વાટ. ૩૦

॥ ભુજંગી છંદ ॥

રતીના સમી દીસતી તે રૂપાળી, મુનીંદ્રો તણું મન લોભાય ભાળી;
અરે આભથી ઉતરી કોઈ દેવી, ચતુરા તણી ચાલ છે હંસ જેવી. ૩૧
કટી કેશરી જેવિ દીસે રૂપાળી, ધરી નાકમાં મોતિની રૂડિ વાળી;
હતો ચુડલો હાથમાં હેમ કેરો, વળી જાય તે ભારથી હાથ એવો. ૩૨
ઝણેણાટ વાગે પગે કાંબિ કેરો, ભુલાયે નહિં ભાળીજો એક ફેરો;
રૂડિ નાસિકા કીરની ચાંચ જેવી, કળી દાડમી દાંતની કાંતિ એવી. ૩૩
પ્રવાળા સમા હોઠ રૂડા દિપે છે, શશીના સમુ મૂખ સારૂ તગે છે;
શિરે ચોટલો જાણીયે કાળી નાગ, રહ્યો રોકીને અંગનો એક ભાગ. ૩૪

ધર્યાં શોભતાં વસ્ત્ર સારાં શરીરે, ધર્યું માટ મૈનું ધરી ધીર શિરે;
પુરે પેસતાં શેરિયે સાદ મારે, દહીં દૂધ લેવુંછે લોકો તમારે. ૩૫
કર્યો સાદ તે કામનીયે વિચારી, ગઈ વૃત્તિ જ્યાં રાયની ઉભિ નારી;
ધરી પ્રીત રાજા કહેછે પ્રધાન, મહીઆરી રૂડી દિસે રૂપવાન. ૩૬
મને હેત હૈયા વિષે ખૂબ આવે, ગણું બેનની જેમ હું નિત્ય ભાવે;
કહે કારભારિ તમે માઈબાપ, ગણો છોરૂં જેવાં પ્રજાને જિ આપ. ૩૭
કરે વાત એવી પ્રીતે જ્યાં પ્રધાન, બિજે રાયનું તો ગયું ત્યાંથિ ધ્યાન;
લઇને શિરે કાષ્ટનો એક ભારો, પળ્યો પૂરમાં કાષ્ટનો વેચનારો. ૩૮

॥ દોહરા ॥

કઠિઆરો ત્યાં કારમ્યો, પેઠો પુરની માંહ્ય;
નજર પડયો પુર પેસતાં, જ્યાં બેઠો રાજાય. ૩૯
રાજા કહે પ્રધાનને, આ કઠિઆરો રાંક;
કાળ સમો મુજને દિસે, શો છે એનો વાંક. ૪૦
વાંક તણી મુજને નથી, ખબર તેની કો વાર;
પણ તેને પુર પેસતાં, આવે ચીડ અપાર. ૪૧
કઠિઆરાને કાળસમ, દેખુછું દિન રાત;
કાષ્ટ વેચવા પુર વિષે, પેસે છે પરભાત. ૪૨
એ પર મુજને કોઇ દી, દયા ન આવે લેશ;
ખુશી થાઊં હુંતો ખરો, તજી જાય મુજ દેશ. ૪૩
આહિર ઓરત આપણે, ગામે આવે રોજ;
દુધ વેચવા દિનપણે, એ પર આવે મોજ. ૪૪
પેસે જ્યારે પુર વિષે, રાજી રોજ હું થાઊં;
સાદ સાંભળી સર્વદા, હું હૈયે હરખાઊં. ૪૫
વા'લ વધુ તેપર મને, આવેછે હરનીશ;
કો પીડા તેને કરે, તો છેદાવું શીશ. ૪૬

એન સમી બાળા પરે, ઉપજે મુજને પ્રીત;
આવે જયારે પુર વિષે, રાજી રે'છે ચીત્ત. ૪૭
એવું છે મુજને અધિક, મહિઆરી પર વા'લ;
કાળ સમો લાગે મુને, કઠિઆરો કંગાલ. ૪૮
કારણ તેનું શું હશે, ખબર મને ન જરાય;
સમજો તો સમજાવજયો, એમાં નહિં અન્યાય. ૪૯
પ્રધાન કે' પુરપતિ સુણો, વા'લ ધરી મુજ વાત;
સંશય છૂટે આપનો, દઉં એવું દ્રષ્ટાંત. ૫૦
આપ અંતરે અન્યપર, ઉપજે જેવું વા'લ;
એવું આપ ઊપર ધરે, ધનવંત કે કંગાલ. ૫૧
બેન સમી બાળા ગણો, તે દીઠે સુખ થાય;
માયા મહિઆરી પરે, આપ તણા ઉર માંય. ૫૨
તો તેને તમ પર હશે, ભાઇ સમો મન ભાવ;
તે રામાને રાયજી, તમ દરશનથી લા'વ. ૫૩
ઉરમાં એવું વિચારતી, જુવતી હશે જરૂર;
અખંડ રાયજી આપનું, વધતું જાજયો નૂર. ૫૪
સંપતિ સાંપડજયો સદા, પુત્ર અને પરિવાર;
સહુ રિતે સુખ પામજયો, એવું અંતર નાર. ૫૫
પ્રભુ પાસે તે પ્રિતથી, જોડીને બે હાથ;
હશે માગતી રે' સુખી, આ નગરીનો નાથ. ૫૬
અંતરમાં જયમ આપને, એ નારી પર પ્રિત;
તેમ તમોપર તે રહે, રાજી રૂડી રીત. ૫૭
કઠિઆરો લાગે સદા, કાળસમો નિરધાર;
તમને, તો તેને દિલે, એવા હશે વિચાર. ૫૮
પ્રાણ હરણ પુરપતિ સદા, અર્વાનિમાં છે આજ;

બુરૂં પ્રભુ જો તેનું બને, થાઊં ખુશી મા'રાજ. ૫૯
એવા કઠિઆરા તણા, ઉરમાં હશે વિચાર;
આપ ઊર એવું બિજા–ના, મનમાં નિરધાર. ૬૦

॥ ભુજંગી છંદ ॥

કહે ભૂપ ભૂલ્યા તમે કારભારી, નથી આ સમે ઠામ વૃત્તિ તમારી;
હું છું દેશને પ્રીતથી પાળનારો, ન લાગું કદી કોઇને હું નઠારો. ૬૧
પ્રજાને કદી રાય લાગે ન ખારો, પતી પત્નિને કેમ લાગે નઠારો;
ગમે તેમ રાજા કરે તોય રાજી, રહે છે પ્રજા તો ગણીને પિતાજી. ૬૨
દિયે દુઃખ તે કો દિને સૂખ આપે, ગણી, એવું ના રાયને કોઈ શ્રાપે;
કહો છો તમે કાષ્ટનો વેચનારો, બુરૂં મારૂં તે છે મને ઇચ્છનારો. ૬૩
કહ્યું માનું ના કારભારી તમારૂં, બુરૂં તાકતો હોય ના તેહ મારૂં;
કરે ના બુરૂં રાયનું તે કદાપી, પ્રજા એ વિના હોય કો દીન પાપી. ૬૪
કરો ખાતરી તો ખરૂં માનું ચિત્તે, પ્રજા ચા'ય છે રાયનું રૂડું નિત્યે;
કહે કારભારી સુણોને ભુપાળ, કરી આપશું ખાતરી એક વાર. ૬૫

॥ દોહરા ॥

ખરી ખાતરી હું કરી, આપું તમને રાય;
પણ તેને પૃથ્વી પતી, શિક્ષા જરી ન થાય. ૬૬
જો એવો કોલજ દીયો, તો હું માનું વાત;
દેખાડું દ્રષ્ટી થકી, પરમ દીવસ પરભાત. ૬૭
કોલ દિધો કરમાં પછી, પૂરણ ધારી પ્યાર;
જો શિક્ષા તેને કરૂં, શાક્ષી જગદાધાર. ૬૮
કરિ નક્કી બીજે દિને, કરવાને તે કામ;
નોકર વિણ નૃપતિ અને, પ્રીતે પળ્યા પ્રધાન. ૬૯
બદલિ વેશ બન્ને જણા, ચાલ્યા ધારી ધીર;

રસ્તો જ્યાં આવ્યા તણો, ત્યાં ઉભા બે વિર. ૭૦
બે ઘડી એમ વહી ગઇ, કરતાં એમ વિચાર;
આવ્યો શિર ભારો ધરી, કઠિઆરો કંગાલ. ૭૧
કાપી કાષ્ટ પ્રથમ પળ્યો, પુરમાં ધારી પ્રીત;
જો વેચું વે'લો જઇ, તો વધુ મળશે વીત. ૭૨
એમ વિચારી આવિયો, મન બહુ રાજી થાય;
ત્યાં સામા બે જણ મળ્યા, પ્રધાન ને રાજાય. ૭૩
શરિર ઉઘાડું સાબદું, માથે ભારે ભાર;
ચાલ્યો આવે ચોંપથી, અંતર હર્ષ અપાર. ૭૪
ફાટયાં પે'ર્યાં લુગડાં, વરવો વપુનો વેશ;
દ્રષ્ટે દેખી જન ડરે, અંતર ઉપજે ક્લેશ. ૭૫
દ્રષ્ટે દીઠો આવતો, રાજાને પરધાન;
તુરત કરી પરધાનને, ત્યાં રાજાયે સાન. ૭૬
રાજાયે રાજી થઇ, જે પર છે બહુ ખાર;
પરખાવ્યો પરધાનને, કઠિઆરો કંગાલ. ૭૭
પ્રધાન કે' પુરપતિ સુણો, મુખથિ ન વદવું વેણ;
જે બોલે તે સાંભળો, નિચાં ઢાળી નેણ. ૭૮
પરધાને પુછી પ્રિતે, કઠિઆરાને વાત;
ચોંપ કરી કયમ ચાલીયો, ઉગમતે પરભાત. ૭૯
કઠિઆરો કે' માહરે, કાષ્ટ વેચવાં આજ;
વેચાશે વે'લો જતાં, નહિંતર નથી ઈલાજ. ૮૦
પ્રધાન કે' તુજ કાષ્ટ તો, આજ નહીં વેચાય;
કારણ કે આ ગામમાં, થયો અતી અન્યાય. ૮૧
પુરપતિ આ પુરનો મુઓ, આજે અરધી રાત;
રૈયતછે રડતી હજી, થયો અતી ઉતપાત. ૮૨

માટે ભારો તાહરો, ખપશે નહિં અહિં આજ;
પુરસુધિ જો પરવરિશ, તો થઇશ નકી નારાજ. ૮૩

॥ રોળા છંદ ॥

કે' કઠિઆરો આજ, પાડ હું તારો માનું;
સગપણમાં બહુ શ્રેષ્ટ, આજ થકી ઊરમાં જાણું. ૮૪
આ નગરીનો નાથ, કાળજે કાળજ જેવો;
કાળ તણો પણ કાળ, એહને ગણતો એવો. ૮૫
દિલનો અતિશય દુષ્ટ, કાળજાનો તે કપટી;
મુઓ નહીં કયમ પ્રથમ, આયુષ્ય કયમ ન ઘટી. ૮૬
બહુ દુઃખી કરીને આજ, પાપીયે પ્રાણજ છોડયા;
મુજ સરખા રાંકનાં, ત્રાસનાં તાળાં તોડ્યાં. ૮૭
પ્રધાન કે' કયમ ભાઇ, રાય મરતાં થ્યો રાજી;
અવગુણ કે' તું આંહી, શી રીતે રાજા પાજી. ૮૮
કઠિઆરો કે' સુણો, વાત મારી ચિત્ત ધારી;
પેટ કારણે જતો, વેચવા કાષ્ટની ભારી. ૮૯
કાળ સમો કાળજે, લાગતો નૃપત્તિ નિત્યે;
એનું પ્રભુની પાસ, મરણ ઇચ્છતો નિત ચિત્તે. ૯૦
બેશી નિત્ય અટારી, સત્રુ સમ સામું જોતો;
કરડિ નજરથી નિત્ય, બહુ મનમાં હું બીતો. ૯૧
પ્રભુએ માર્યો આજ, એ અતી સારૂં કીધું;
એ પ્રભુ ગરીબ નિવાજ, સ્તવન મારૂં ચિત્ત લીધું. ૯૨
વેચી ભારો આજ, ખાજ મારે હતું ખાવું;
આજ ન લઈ અનાજ, વ્યર્થ મારે ઘેર જાવું. ૯૩
આ પીડા મુજ અંગ, વધૂ વસમી નહિં લાગે;
ભુખ્યો રાખી દિન એક, કોણ મૃત્યુ ભય ભાંગે. ૯૪

માટે જઇશ હું ઘેર, આજ ભારો વિણુ વેચ્યે;
એ પ્રભુ પુરણુ દયાળ, અંતથી ખાવું દેશે. ૯૫
એમ કહીને ગયો, લિધો રસ્તો ઘર કેરો;
નાખુશ મન નવ થયો, વ્યર્થ જોકે ગ્યો ફેરો. ૯૬
પુર પતિને પરધાન, કહે મન હતું તમારે;
તેવું તમપર હતું, એહને મન અત્યારે. ૯૭
વસમું જેતું વે'ર, આપના મનમાં એપર;
એથી અદકું ઝેર. એહને આપની ઊપર. ૯૮
માટે નિજ મન માંય, જેવિ બીજાપર પ્રિતી;
તેવી તે રાખશે, આપણીપર વિણુ ભીતી. ૯૯

॥ દોહરા ॥

કરી પરીક્ષા પ્રીતથી, પ્રીતે કહે પરધાન;
આહિરની ઓરત તણું, હવે રાખજ્યો ધ્યાન. ૧૦૦
ઊભા બે ઘડી બે જણા, રસ્તે જોતા વાટ;
આવી ચતુરા ચોંપથી, માથે મહિનું માટ. ૧૦૧
નારીને નિરખી કહે. પ્રીત ધરી પરધાન;
પ્રભાતમાં કયમ પરવાર્યાં, શું છે એવું કામ. ૧૦૨
ભણે ભામની ભાઈ શુણ, હું મહિઆરી જાત;
દહીં દુધ જઊં વેચવા, ઉગમતે પરભાત. ૧૦૩
સ્નેહે જઇને શે'રમાં, વેચુંછું લઈ વીત;
ખરીદે દામ દઇ દધી, મુજપર ધારી પ્રીત. ૧૦૪
મોડું જો લઈ જાઊંતો, ગ્રાહક નાખુશ થાય;
પડયું રહે ગોરસ બધું, રતિભર નવ વેચાય. ૧૦૫
માટે ચોંપથી હર નિશે, છે જાવાની જરૂર;
ઉપજ વિતની છે વધુ, એથી હરખું ઊર. ૧૦૬

પ્રધાન કે' સુણ પ્રેમદા, આજ થયો ઉતપાત;
મહિ તારૂં ખપશે નહીં, વિપ્રીત થઈ છે વાત. ૧૦૭
રાજા જે આ શહેરનો, વિવેકી ને વિદ્વાન;
રોગ રહીત નિજ તન છતાં, શેવ્યું છે સમશાન. ૧૦૮
અરધી રાતે આ ગજબ, થયો ગામની માંય;
રૈયત છે રડતી બધી, કોને સુધ નવ કાંય. ૧૦૯
શોક શે'રમાં છે બધે, નથી ખુશી કો ઠાર;
તો ગોરસ કયમ ગામમાં, ખપશે તારૂં નાર. ૧૧૦
સુણ્યું જ્યાં શામાએ શ્રવણ, મહિપતી કેરૂ મર્ણ;
પછાડ ખાધી પ્રેમદા, ઢળી પડીછે ધર્ણ. ૧૧૧
મુર્છા પામી મહિ પડી, ઢળ્યાં મહીનાં માટ;
મહિપતિનું મરવું સુણી, અંતર થયો ઉચાટ. ૧૧૨
ભાન તજીને ભામની, શબવત પડી ઘડિ ચાર;
અંતરમાં અતિ આપદા, પુરપતિપર બહુ પ્યાર. ૧૧૩
માનુનિના મુખપર પછી, છાંટયું પાણિ પ્રધાન;
આવ્યું ત્યારે અંતરે, ભામનિને ત્યાં ભાન. ૧૧૪
બેઠી થઈ બાળા વદે, ભુંડું કર્યું ભગવાન;
અરર ગજબ આ શો થયો, સંકટ શૂળિ સમાન. ૧૧૫

॥ લલિત છંદ ॥

અરર એ પ્રભુ આજ શું થયું, સુખ ગરીબનું કયાં જતું રહ્યું;
ગજબ આ થયો ગામમાં અરે, મરણ શું થયું રાયનું ખરે. ૧૧૬
પુરપતી પ્રજા પાળતો પ્રિતે, સકળ જનને પુત્રની રિતે;
અરર રાખતો તે વહ્યો ગયો, ગજબ કાળ આ તુજથી થયો. ૧૧૭
પ્રભુ ઘરે અરે ખોટ શી પડી, અવર અન્યની દેહ ના જડી;
રતન રોળિયું રાયના સમું, મન તને અરે કાળ શું ગમ્યું ૧૧૮

મરણુ રાયનું સાંભળી સદા, ઉર ધરે પ્રજા સર્વ આપદા;
તજી દયા બધાં તર્ફડાવિયાં, જન બધાં બન્યાં આજ દુ:ખિયાં. ૧૧૯
હૃદય તેં દયા લેશ ના ધરી, કુટિલ કાળ તેં આ બુરિ કરી;
દિન તણી દયા દીલ ધારતો, નગરિનો હિરો જે ખરો હતો. ૧૨૦
તદપિ કાંકરો કાળ તેં કર્યો, મન ભુંડા જરી શોક ના ધર્યો;
હરનિશે દયા હીણુ જે હશે, દિલ દયા નહીં તેહને દિસે. ૧૨૧
અરર દૈવ હું શું કરૂં હવે, ફરિ નહિં મળે રાય આ ભવે;
શશિ સમું રૂડું મુખ દીપતું, મનજ નિર્ખવા આકળું થતું. ૧૨૨
નિરખી નેત્રથી રાજી હું થતી, મહિ તણું લઈ માટ આવતી;
પ્રથમ પૂરની પોળમાં જતાં, ખુશિ થતી ખરી મૂખ દેખતાં. ૧૨૩
નિરખતી સદા છબિ નિહાળીને, ભલિ ખુશી થતી ભૂપ બાળિને;
પ્રિતિહતી સદા ભાઇના સમી, છબિ ચિતે મને રાયની ગમી. ૧૨૪
મુજ ભણી રૂડી દ્રષ્ટિ રાખતાં, નિરખતાં બધા તાપ નાસતાં;
ફિકર વીણુ હું ગામમાં ફરી, નૃપતિ જીવતે ના ડરી જરી. ૧૨૫
ભુપ સમો ભલો ભાઇ તો હતો, કદિ નહીં દિલે શોક તો થતો;
ભુપ સમો હવે ભાઇ કયાં મળે, નિરખતાં સદા તાપ સૌ ટળે. ૧૨૬
મરણુ પામતાં હે મહીપતી, રહી અભાગણી શું હું જીવતી;
મરવું માહરે જીવિ શું કરૂં, નિરખી નેત્રથી કોણુને ઠરૂં. ૧૨૭

॥ દોહરા ॥

એ રીતે રૂદન કરી, રામા રડતી જાય;
દુ:ખ મહિપતિના મર્ણનું, અંતરમાં અતિ થાય. ૧૨૮
શામાને સ્નેહે થકી, પૂછ્યું જઇ પરધાન;
બેન બળાપો કેમ તું, કરે બની અજ્ઞાન. ૧૨૯
ભૂપતિને તારે નથી, કાંઇ સગાઇ સબંધ;
તો કકળે કયમ કામની, ધારી મોટો ધંધ. ૧૩૦

જાત ભાત નહીં તાહરે, નહિં પાડોશનિ પ્રીત;
શોક એ છતાં અંતરે, એતો ઉલટી રીત. ૧૩૧
ભામનિ કે' સુણુ બાઇ તું, સમજ્યો ના મન માંય;
પ્રીત અનેક પ્રકારની, તુજને ગમ નવ કાંય. ૧૩૨
માત તાતની પ્રીત છે, સગાં તણી પણુ પ્રીત;
પ્રીતી પતી પત્ની તણી, સહુની જૂદી રીત. ૧૩૩
પાડોશીની પ્રીત છે, સથવારાનો સ્નેહ;
એ પણુ જૂદી રીતનો, તો શાનો સંદેહ. ૧૩૪
પવિત્ર પ્રીતી જેહપર, તેપર મન લલચાય;
સ્નેહ સહોદર જેઠલો, છોડયો નવ છોડાય. ૧૩૫
જાત ભાત જોવા તણી, રે'તી નથી નિરાંત;
પવીત્ર પ્રીતી તૂટતાં, દહે દીલ દીન રાત. ૧૩૬
મહિપતિપર મારે હતી, પવિત્ર પુરણુ પ્રીત;
સગાં સબંધીથી સરસ, ચા'તી મારે ચીત. ૧૩૭
મુખ જોવા મહિપતિ તણું, બાઇ સમો ધરિ ભાવ;
મહિઆરૂં લઇ આવતી, લેવા દરિશન લાવ. ૧૩૮
દરિશન તે દૂરજ થયાં, છૂટયો સરવે સ્નેહ;
માટે મરવું માહરે, દહન કરી આ દેહ. ૧૩૯
પ્રધાન કે' છે પ્રેમદા, સાંભળ શાંણી વાત;
રાજા છે હજી જીવતો, માં કર તારી ઘાત. ૧૪૦
એમ કહી માંડી બધું, કહ્યું મુખે આખ્યાન;
આવ્યું ત્યારે અંતરે, ભામનીને સાં ભાન. ૧૪૧
આશિષ દીધી અંતરે, બહુ જીવ બાઇ ભૂપાળ;
વંશ વધો તુજ વિશ્વમાં, ટળી કાળની ઝાળ. ૧૪૨
ભાવ ભાઈ સમ શાખીઓ, હૈયામાં ધરિ હામ;

મહિપતિએ મહિઆરીને, દઇને ઝાઝું માન. ૧૪૩
પ્રધાન કે' પુરપતિ સુણો, નિજ અંતરમાં જેહ;
એવું અંતર અન્યને, એમ છુટે સંદેહ. ૧૪૪
પુરપતિ કે' પરધાનને, સાચી સરવે વાત;
કરિ આપી તેં કોડથી, દઈને રૂડું દ્રષ્ટાંત. ૧૪૫
પ્રધાન પુરપતિ પુર પળ્યા, ઊમંગ ધારી અંગ;
ચા'તો પુરપતિ પછિ ચિતે, જનને ધરી ઉમંગ. ૧૪૬
બુરૂં જો બીજાનું કરો, તો આપણું પણ થાય;
જેવું આપણુ તેવું છે, બીજાના મનમાંય. ૧૪૭
માટે દેશી જનો સહુ, ધરો પરસ્પર ભાવ;
તો સરવે સારૂ થશે, દુખના ટળિ દરિઆવ. ૧૪૮
હિત દેશી જનનું ચહો, લહો સુકિર્તિ રોજ;
પ્યાર પરસ્પર ધારશો, તો મનમાની મોજ. ૧૪૯
દુશ્મન પણ દેશી ભલો, બુરૂં તેનું કો વાર;
કરીયે નહીં ક્રોધી બની, કરતાં બહુ ધીઃકાર. ૧૫૦
સામાની શક્તી કદી, બુરૂં કરવાની ન હોય;
તોપણ કદી નવ જીતશો, ઇશ્વર આગળ કોય. ૧૫૧
સોહમ ગણપતિ શિર ધરી, કરીએ સારૂ કામ;
ભાઈ બની ભલુ જન તણું, કરવું ધારી હામ. ૧૫૨
તો ત્રીભુવન રાજી થશે, ધરશે સારો સ્નેહ;
લલ્લુ કે' સહુ સુખિ થશો, નહિં એમાં સંદેહ. ૧૫૩

ઉપેંદ્રવજ્રા છંદ.

કરો બિજાનું કદિ આપ સારૂં, નહીં કરે તે તમને નઠારૂં;
વિસારશે ના કદિ ઉપકાર, અહાર તેવો જન ઓડકાર. ૧૫૪
સુવેણુથી સારી મળે સુવાસ, સુખી થવાની જન માંહિ આશ;

કુવેણમાં સાર નથી લગાર, અહાર તેવો જન ઓડકાર. ૧૫૫
સહુ જનો ભાઇ સમાન જાણી, પરસ્પરે અંતર પ્યાર આણી;
ચહો બધાને ધરિ પૂર્ણ પ્યાર, અહાર તેવો જન ઓડકાર. ૧૫૬
કદાપિ કોને અહિં ગાળ દેશું, ભુંડા બહૂ વેણ મુખેથિ કે'શું;
વદે ભુંડું તે ન લગાડે વાર, અહાર તેવો જન ઓડકાર. ૧૫૭
કરો બુરૂં જો બિજાનું કદાપી, બુરૂં કરે તે બનિનેજ પાપી;
ભલે ભલું બુરે બુરૂં થનાર, અહાર તેવો જન ઓડકાર. ૧૫૮
વિચાર જો ચિત્ત વિષે બુરાનો, છુપાવતાં તે ન રહેજ છાનો;
કદાપિ ચિત્તે ન કરો વિકાર, અહાર તેવો જન ઓડકાર. ૧૫૯
સમાન છે સર્વ ન કોઇ મોટું, પ્રભૂ તણે ઘેર ન એક છોટું;
સંમાન સૌ તે ધણિને તું ધાર, અહાર તેવો જન ઓડકાર. ૧૬૦

॥ દોહરો-છત્ર પ્રબંધ ॥

જરનથિ જનહિત કર જગત, ધર જનપર શુધ પ્રીત;
રહિશ તું સુખિહર નજર થકિ, જનહિત ધરજો ચીત. ૧૬૧

॥ લાંચ વિષે-ભૂજંગી છંદ ॥

ઘણા જૂલમી લાંચ ઝાઝી લઇને, ખરે ખાત ખૂશી થતા દુઃખ દૈને;
પછી થાય તેના જુઓ હાલ કેવા, ગણો લાંચિયા ચાંચિયા ચોર જેવા. ૧
અનીતી કરે લાંચ લૈ લોક પાસે, ડરે ના દિલે રાયના કોઇ ત્રાસે;
પછી ખાય ખત્તા લઇ લાંચ કેવા, ગણો લાંચિયા ચાંચિયા ચોર જેવા. ૨
અતી થાય અન્યાય લાંચે કરીને, છુટે શેઠ સૌ લાંચ તેને ભરીને;
ગરીબો તણા તો પછી હાલ કેવા, ગણો લાંચિયા ચાંચિયા ચોર જેવા. ૩
થશે ન્યાય લાંચે કરીને અકારો, જનો સર્વ ધીઃકારશે ન્યાય ધારો;
પછી ન્યાયકારોજ કેવા કહેવા, ગણો લાંચિયા ચાંચિયા ચોર જેવા. ૪
ગુનેગાર છુટે દઇ લાંચ ઝાઝી, ગરીબો ખમે દુઃખને જાય દાઝી;
પછી તે પરે થાય ધીઃકાર કેવા, ગણો લાંચિયા ચાંચિયા ચોર જેવા. ૫

જનોના ગણો પાપનો કુંભ નાનો, કદાપી નહીં રે'ય તે કુંભ છાનો;
ભરાતાં ફુટી જાય આવ્યો ન રે'વા, ગણો લાંચિયા ચાંચિયા ચોર જેવા.૬
ફુટ્યો કે ભડાકો દશો દીશ થાશે, સુણીને તડાકો ખુશી સર્વ થાશે;
ન આવે પછી કોઇ પાસે રહેવા, ગણો લાંચિયા ચાંચિયા ચોર જેવા. ૭
પછી રાયની પાસ ઈન્સાફ થાશે, બધા લોકમાં મુર્ખ તે તો ગણાશે;
પછી આપશે રાય ઇન્સાફ એવા, ગણો લાંચિયા ચાંચિયા ચોર જેવા. ૮
કરે દંડ કાં કેદની તેહ શિક્ષા, જનો પાસ ઊભા કરે છે પરીક્ષા;
ગણે મુર્ખને ઊચરે શબ્દ એવા, ગણો લાંચિયા ચાંચિયા ચોર જેવા. ૯
બધા લોકમાં લાંચથી લાજ જાશે, વળી રાયની ખુબ શીક્ષા પમાશે;
જુઓ લાંચથી હાલ થાશેજ એવા, ગણો લાંચિયા ચાંચિયા ચોર જેવા.૧૦
કરે રાય લાવી દયા ઓછી શીક્ષા, હજી તો પ્રભુની રહીછે પરીક્ષા;
જવુંછે હજી ત્યાં ખરો ન્યાય લેવા, ગણો લાંચિયા ચાંચિયા ચોર જેવા.૧૧
કરે ઈશ જયારે તમારી તપાસ, ઉભા રાખશે એકલા તેનિ પાસ;
કરે સાફ ઇન્સાફ દેવાધિ દેવા, ગણો લાંચિયા ચાંચિયા ચોર જેવા. ૧૨
સુણો વિનતીઓ અધિકારી મારી, અતી હીતકારી થશે તે તમારી;
નિમાયા નથી જાણજ્યો લાંચ લેવા, ગણો લાંચિયા ચાંચિયા ચોર જેવા.૧૩

ગુહળી.

" અહો પ્રાણી પૂન્ય ઉદય દશા જાગી રે " એ રાગ.

सूरि मुख सांम्भळी विर वाणीरे, जूठी माया जगतनी जाणी;टेक.
रिती नीती प्रीती जीन जेनीरे, के'णी करणी सरिखी छे एनीरे;
राज राजेंद्र चंद्र ए बे'नी, सूरि मुख शांभळी विर वाणीरे.
जेंणे समकित सरधा वखाणीरे, एह्व वातमां सूत्र सखाणीरे;
द्रव्य भाव थकी भवि प्राणी, सूरि मुख शांभळी विर वाणीरे.
मणी माणेक किंम्मती भारीरे, शखी समकित आगे ए वारीरे;
हार हीरा तणा रह्या ह्यारी, सूरि मूख शांभळी विर वाणीरे.
राखो खलकनो भरुंसो खोटोरे, नथी निग्रंथनो जग जोटोरे;
जगजीवन मारग मोटो, सूरि मुख शांम्भळी विर वाणीरे.
नेक टेकथी एकनी शेवारे, धन्य धन मुनि रंग रेवारे;
वस्या विर वचन मन मेवा, सूरि मूख शांभळी विर वाणीरे.
लही लक्षमां वात विचारोरे, सूद्ध समकितथी सूख आरोरे;
मल्यो हीरा ह्वे केम हारो, सूरि मुख शांभळी विर वाणीरे.
सूत्र भगवाति भावे भणावोरे, मळी मानुनी मंगळ गावोरे;
तंमे मौक्तीक चोक पुरावो, सूरि मूख शांभळी विर वाणीरे.
नित्य नवकारशी वृत्त धारोरे, काम क्रोध माया मोह वारोरे;
वंदि विधिये देव जूहारो, सूरि मूख शांभळी विर वाणीरे.
दया निधि दरिशन दिज्योरे, विनंती सूत वल्यम लिज्योरे;
नाथ साथ निम्भावतो किज्यो, सूरि मूख शांभळी विरवाणीरे.

ગુણવંતીને ગાવાની ગરબાવળી ભાગ બીજો તૈયાર થાયછે. કીંમત એક આનો.

વાંચવા લાયક પુસ્તકો નીચેને શિરનામેથી મળશે.

મુનિશ્રી ધનવિજયજી મહારાજ વિરચિત

"શ્રી ચતુર્થ સ્તુતિ નિર્ણય શંકોદ્ધાર."

આ પુસ્તકની અંદર મતાંતરોને લીધે જે જે પ્રશ્નોનો વાંધો ચાલેછે તે તે પ્રશ્નોનું ઘણીજ મહેનતે સિદ્ધાંતની સાખો આપી પૂરી રીતે નિરાકરણ કરેલું છે, તેથી આ ગ્રંથ સમસ્ત ચતુર્વિધ શ્રીસંઘને ઘણોજ વાંચવા લાયક થયો છે, કાગળ ઇંગ્લીશ ઉંચા કપડાનું પાકું પુંઠું ૮૦૦ થી પણ વધારે પૃષ્ટ અને અઢીશેરથી પણ અધિક વજન છે, તેમ છતાં વેલ્યુપેએબલ બુક પોષ્ટ સાથે કિમ્મત ફક્ત રૂ. ૪-૦-૦ રાખી છે. માટે લાભ લેવાને કોઇ પણ ચૂકશો નહીં.

નવાં પુસ્તકોનો નમુનો.

	રૂ. આ. પા.		રૂ. આ. પા.
અરિહણસિંહની વારતા.	૦-૧-૦	સજ્જન છત્રીશી	૦-૦-૬
રાણારાજસિંહની વારતા.	૦-૧-૦	બાળબોધ બત્રીશી	૦-૦-૬
કુબેરસેનાગુણકાની વારતા	૦-૧-૦	અફીણના અવગુણ	૦-૦-૬
ગુણવંતી ગરબાવળી	૦-૧-૦	નઠારી નારી	૦-૦-૬
હાથવાજુ શીખવાની બુક	૦-૧-૦	પતીવ્રત્તા નારી	૦-૦-૬
રંગવિનોદ-ગુરૂના ગુણ	૦-૧-૦	લોભીના લક્ષણ	૦-૦-૬
હીરાનો હાર	૦-૧-૦	ઉપદેશને અનુભવ	૦-૦-૬
મોતીની માળા	૦-૧-૦	નવપદજીની પૂજા	૦-૧-૬
સોનાની સાંકળી.	૦-૧-૦	જ્ઞાનપંચમી દેવવંદનવિધિ	૦-૧-૬

જથાબંધ લેનારને કમીશન ઘણું સારૂં મળશે.

શાહ. લલ્લુ વલ્લભ ધોલેરાવાળા મુ. વિરમગામ.